મહત્તમ : ૪૩.૨ ડીગ્રી
લઘુતમ : ૩૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૨૬ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરની શાળાઓમાં પ્રથમ સત્રનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૦

શહેની શાળાઓનું નવું સત્ર ખુલી ગયું છે અને એજ નવી આશા અને ઉમંગ સાથે બાળકો અને વાલીઓ શાળાના પ્રથમ દિવસે શાળાએ જવા ઉત્સાહિત જોવા મળ્યા હતા. માતા પિતાના મનમાં બાળકને શાળાએ મુકવા જવાનો હરખ અને બાળકને નવું શીખવાની ખુશી સાથે નવા મિત્રોને મળવાની ઈંતેઝારીનો આજે અંત આવ્યો હતો.

શહેરની શાળાઓ આજે બાળકના અવાજથી ગુંજી ઉઠી હતી. શાળાના પ્રથમ દિવસે વાલીઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. વાલી પોતાના બાળકને લઈ શાળાના પ્રથમ દિવસે મૂકવા જતા જોવા મળી રહ્યા હતા. શાળાની બહાર વાલીઓની ભીડ જામી હતી. કે.જી.ના બાળકોના વાલીઓને પોતાના બાળકને પ્રથમ દિવસે શાળાએ મુકતા એક ડર જોવા મળ્યો હતો પરંતુ બાળકને હસતું જોતા વાલીઓને હાશકારો થયો હતો. અમુક બાળકો બીજા બાળકને રોતું જોઈને રડવા લાગતા હતા અને પ્લે હાઉસમાં રમકડા જોઈ રડતા રડતા રમવા લાગ્યા હતા અને બધું ભૂલી શાળામાં રહેવાની મજા માણતા હતા ઘણી શાળાઓમાં બાળકને કુમકુમ તિલક કરી મોં મીઠું કરાવવામાં આવ્યું હતું અને શુભેચ્છા આપવામાં આવી હતી. શાળાઓમાં કહીં ખુશી કહીં ગમના દેશ્યો જોવા મળ્યા હતા. વાલીઓની આંખમાં એક આશા દેખાતી હતી. બાળક માટે તેના ભવિષ્યની અપેક્ષા પુરી થવાના દેખ્યો જાણે તેઓ જોઈ રહ્યા હોય તેમ જણાતું હતું. શહેરની પ્રાથમિક અને માધ્યમિક શાળાના બાળકોમાં આગળના ધોરણમાં જવાની ખુશી વર્તાઈ રહી હતી. વેકેશન પછી પોતાના મિત્રોને મળવાનો ઉત્સાહ અને નવા સ્કુલબેગ અને ચોપડા લાવી બધાથી અલગ તરી આવવાની ઝંખના બાળકોમાં જોવા મળી રહી હતી તો અમુક બાળકો કહેતા જણાયા હતા કે વેકેશન કેમ ખુલ્યુ? આ મિશ્ર લાગણીઓ સાથે શહેરની શાળાઓમાં નવા સત્રનો ઉત્સાહભેર પ્રારંભ થયો હતો.

શહેરમાં કેસર કેરીની મોસમ પુરબહારમાં જામી

કચ્છી, તલાલા, જુનાગઢી અને વલસાડી કેસર કેરી બોકસના ૭૦૦ થી ૭૫૦ રૂપિયાના ભાવે વેચાઈ રહી છે

ગાંધીનગર, તા.૧૦

કાગડોળે રાહ જોવાથી કેસર કેરી બજારમાં દેખા દઈ રહી છે. શહેરીજનો કેસર કેરીની રાહમાં હતા તે હવે માર્કેટમાં ઉતરી છે. હાફુઝ કેરીની સિઝન જવાને આરે છે. હાલ કેરીનો સ્ટોક વધ્યો હોવાથી પહેલા કરતા કેસર કેરીના ભાવમાં ઘટાડો થયો છે. કચ્છી, તલાલાની, જુનાગઢી અને વલસાડની કેસર કેરીના બોકસ ૭૦૦ થી ૭૫૦ રૂપિયામાં ૧૦ કિલો અને ૧ કિલો ૧૦૦ રૂ. દીઠ વેચાણમાં છે.

ગાંધીનગરવાસીઓની કેરીની રાહ હવે પુરી થઈ ગઈ છે. બજારમાં કેસર કેરીનો ભરપૂર સ્ટોક ઉપલબ્ધ છે. વલસાડી, કચ્છી, તલાલાની અને જુનાગઢી કેસર કેરી હાલ બજારમાં છે શહેરીજનો કેરીની ભરપૂર ખરીદી કરી રહ્યા છે. બજારમાં કેસર કેરીનો સ્ટોક વધતા ભાવમાં પણ ઘટાડો થયો છે. પહેલા ૮૦૦ થી ૧૧૦૦ રૂપિયા ૧૦ કિલોના બોકસ વેચાતા હતા હાલ ૭૦૦ થી ૭૫૦ રૂપિયામાં વેચાય છે. બાળકોને અને મોટાઓને ભાવતી કેરી જે બાર માસ ખાઈ શકાય તે માટે ગૃહિણીઓ તેને ફ્રોઝન પણ કરતી હોય છે. તે માટે પણ બજારમાં કેસર કેરીની હાલ માંગ વધુ છે. ઉલ્લેખનીય છે કે ફ્રોઝન કરેલી કેરીના કટકાનું જયુસ, રસ બનાવીને બારે માસ કોઈ પણ સિઝનમાં આરોગી શકાય છે.

ગાંધીનગર ખાતે ૧૮મીએ સેકટર સ્પેસિફિક મેગા જોબફેર યોજાશે

ગાંધીનગર, તા.૧૦

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર અને એમ.સી.સી, ગાંધીનગર દ્વારા રોજગાર વાન્છુ યુવાધનને ઉત્તમ રોજગારી પ્રાપ્ત થાય તેવા ઉમદા આશયથી જિલ્લા કક્ષાના સેકટર સ્પેસિફિક મેગા જોબફેરનું આયોજન કરવામાં આવ્યું છે. સેકટર સ્પેસિફિક મેગા જોબફેરનું આયોજન તા. ૧૮મી જૂન, ૨૦૧૯ના રોજ સમર્પણ સાયન્સ અને કોમર્સ કોલેજ, સેકટર-૨૮, ગાંધીનગર ખાતે સવારના ૧૦.૦૦ કલાકે કરવામાં આવ્યું છે.

આ મેગા જોબફેરમાં ધોરણ-૧૦ અને ૧૨ પાસ/નાપાસ, આઈ.ટી.આઈ (તમામ ટ્રેડ), ડિપ્લોમા, કોઈ પણ ગ્રેજ્યુએટ તથા પોસ્ટ ગ્રેજ્યુએટ થયેલા ઉમેદવારો ભાગ લઈ શકશે. ભાગ લેવા માટે ઉમેદવારોએ **https://froms.gle/YTj5hiHEDsHCCANBA** લીંક પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ઉમેદવારો પોતાનું રજિસ્ટ્રેશન તા. ૧૭મી જૂન, ૨૦૧૯ સુધી કરાવી શકશે. તે ઉપરાંત નોકરીદાતાઓ તેમના એકમોમાં ખાલી જગ્યા મેગા જોબફેર દ્વારા ભરવા માંગતા હોય તેવા નોકરીદાતાઓએ **https://froms.gle/e41PPrCKaAQf6Gd99** લીંક કરી શકશે. નોકરીદાતાઓ પોતાનું લીંક તા. ૧૨મી જૂન, ૨૦૧૯ સુધી કરી શકશે. આ રજીસ્ટ્રેશન વિના મૂલ્યે છે. વધુ માહિતી માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર, સહયોગ સંકુલ, સેકટર-૧૧નો સંપર્ક કરવા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

જણસારી સમાજનું ગૌરવ

ગાંધીનગર, તા.૧૦

જણસારી સમાજની આશ્વી પી. ગોહીલ ફકત ૧૩ વર્ષની ઉંમરે ભરતનાટયમની તાલીમ મેળવી આરંગેત્રમ સુધી પહોંચી છે. ઉલ્લેખનીય છે કે આશ્વીએ ભરતનાટયમ આરંગેત્રમના પ્રસિધ્ધ આંગિકમ નર્તન કલાના કલાગુરુ જીજ્ઞા હર્ષદ દવેના નિર્દેશનમાં તાલીમ મેળવી છે. જનક્ષત્રિય સમાજના મંત્રી મહેન્દ્રભાઈ કે.ચૌહાણ તથા અગ્રણીઓ તરફથી આશ્વી તેના માતા-પિતા પાયલ અને પ્રકાશભાઈ ગોહીલ તથા કલાગુરૂ જીજ્ઞ હર્ષદ દવેને શુભેચ્છા પાઠવવામાં આવે છે.

સિસિકા દ્વારા વિદ્યાર્થી સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૧૦

સિનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા તા. ૩૧ જુલાઈના રોજ વિદ્યાર્થી સન્માન સમારંભ યોજાશે. સંસ્થાના સભ્યોના પૌત્ર-પૌત્રી, દોહિત્ર-દોહિત્રી જેમને ધો-૧૦ અને ધો-૧૨ બોર્ડની પરીક્ષામાં ૭૫ ટકા કે તેથી વધુ મેળવ્યા હોય તેમને માસિક સભામાં આશિષ પત્ર તથા રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરાશે. જે અંતર્ગત વિદ્યાર્થીઓએ તેમની જરુરી માર્કશીટની નકલ, સભ્ય ક્રમાંક, નામ, સરનામું મોબાઈલ નંબર તથા વિદ્યાર્થી સાથેનો સંબંધ સાથેની વિગતવાર માહિતી તા. ૩૦ જૂન સુધીમાં નમન એપાર્ટમેન્ટ, સે-૨૧ કાર્યાલયમાં મંગળ, ગુરુ અને શનિવાર સાંજે ૬ થી ૭ કલાક દરમિયાન મોકલવા સંસ્થાના મંત્રી બી.ડી. શાહ દ્વારા જણાવાયું છે.

લેકાવાડા ગામે પત્નિએ પતિને માથામાં કુહાડી મારી હત્યા કરી

બોરકુવા પર સવારે બનેલી ઘટના, બે બાળકો નિરાધાર બન્યા, મહિલાને સાબરમતી જેલ હવાલે મોકલી આપી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર નજીક આવેલા લેકાવાડા ગામે બોર કુવા પર આજે સવારે દંપતિ વચ્ચે થયેલી તકરાર બાદ પત્નિએ પતિને માથામાં કુહાડીના ઘા ઝીંકી હત્યા કરી દેતા હાહાકાર મચી જવા પામ્યો છે. લેકાવાડા ગામે ખેતરમાં રહીને મજુરી કામ કરતા અને મુળ મધ્યપ્રદેશના આ પરિવારમાં પતિના મૃત્યું બાદ અને પત્ની જેલ હવાલે મોકલી આપતા ચાર અને દોઢ વર્ષનો બે બાળકોએ માતા-પિતાની છત્રછાયા ગુમાવી છે. જયારે પતિને મોતને ઘાટ ઉતારનાર પત્ની પ્રેગનન્ટ હોવાનું ધ્યાને આવ્યું છે.જયારે આરોપી મહિલાને સાબરમતિ જેલ ખાતે મોકલી આપી છે.બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ મધ્યપ્રદેશના બોકડીયા ગામના કમલેશભાઈ સંતીયભાઈ નાયકા(ભીલ), પત્નિ મની ઉર્ફે મનિષા તેમજ બે બાળકો સાથે બે મહિના પહેલા જ લેકાવાડા ગામે આવ્યા હતા. ગામની સીમમાં અમરસિંહ મગનસિંહ વાઘેલાના બોરકુવા પર રહી ખેતી અને પશુપાલનની કામગીરી કરતા આ નાનકડા પરિવાર પર અણધારી આફત આવી પડે છે.પત્નિ અને પતિ વચ્ચે સવારના સુમારે કોઈ બાબતે ઝઘડો થયો હતો. જેમાં ગુસ્સે થયેલી પત્નિએ પતિને માથાના ભાગે તેમજ મોંઢાના ભાગે કુહાડીથી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.ખેતરના માલિક અમરસિંહ વાઘેલાનો પુત્ર ઈન્દ્રસિંહ વાઘેલા રવિવારે સવારે ૮ વાગે પહોચ્યો ત્યારે ખાટલામાં લોહીથી લથબથ હાલતમાં પડી રહેલા મજુરને ખેડુતે ૧૦૮ દ્વારા ગાંધીનગર અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ ખસેડવામાં આવ્યા હતા. જયાં આજે સવારના ૧૧ વાગ્યાના અરસામાં મજુરનું સારવાર દરમિયાન મૃત્યું નિપજયું હતું. જયારે પત્નિ ગંભીર ઈજા પહોંચાડીને બે બાળકો સાથે પલાયન થઈ ગઈ હતી. જયારે ચિલોડા પોલીસે બપોર બાદ તેની વિધીવત ધરપકડ કરી હતી. જયારે બનાવ અંગે ઈન્દ્રસિંહ મજુરના સાળા ગમીરભાઈને ફોન કરી બોલાવ્યા હતા. બોરકુવા પહોંચેલા ગમીરભાઈએ બંન્ને વચ્ચે ઝઘડો ચાલતો હોવાની વાત કરી હતી. ઈન્દ્રસિંહ વાઘેલાની ફરીયાદને પગલે ચિલોડા પોલીસે ગુનો નોંધી ઝઘડો અને હત્યાનું સાચુ કારણ શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

શહેર-જિલ્લામાં ૨૧મીએ યોગ દિવસ ઉજવાશે

પાંચમા વિશ્વ યોગ દિવસે જિલ્લામાંથી ૪ લાખ ૫૦ હજારથી વધુ લોકો સહભાગી બનશે : ૧૨૪ જેટલા માસ્ટર ટ્રેનર્સ યોગની તાલીમ આપશે

ગાંધીનગર, તા.૧૦

સમગ્ર વિશ્વમાં તા. ૨૧મી જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. પાંચમા વિશ્વ યોગની ઉજવણીના સુચારું આયોજન અર્થે આજ રોજ ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી

એસ.કે. લાંગાના અધ્યક્ષ સ્થાને જિલ્લાના અધિકારીઓની બેઠક મળી હતી. ગાંધીનગર જિલ્લામાં પાંચમા વિશ્વ યોગ દિવસની ઉજવણી ૧૩૬૦ કરતાં વધુ સ્થળોએ કરવામાં આવશે. તેમજ ૪ લાખ ૫૦ હજાર કરતા વધુ લોકો સહભાગી બને તેવો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

પાંચમા વિશ્વ યોગ દિવસની ઉજવણીના આયોજનની બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાએ જણાવ્યું હતું કે, આજનું જીવન તનાવ ભર્યું બની ગયું છે. માનસિક અને શારિરીક તદ્દુરસ્તી માટે નિયમિત યોગ કરવો ખૂબ જ જરૂરી છે. સમગ્ર વિશ્વ યોગ દિવસની ઉજવણી કરતું હોય ત્યારે રાજયના પાટનગરમાં સૌથી વધુ લોકો સહભાગી બને તેવું આયોજન કરવા ભારપૂર્વક જણાવ્યું હતું.

પાંચમા વિશ્વ યોગ દિવસના આયોજનની માહિતી આપતાં જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાએ જણાવ્યું હતું કે, દરેક તાલુકામાં બે-બે સ્થળો પર, તમામ નગરપાલિકા વિસ્તારમાં બે- બે સ્થળો પર, ગાંધીનગર મહાનગરપાલિકામાં વહીવટી વોર્ડના ૮ કેન્દ્રો પર, ગાંધીનગર જિલ્લાના મુખ્ય મથકે ૫ કેન્દ્રો પર અને ૧૧૪૬ જેટલી સરકારી-ખાનગી પ્રાથમિક – માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ, કોલેજો અને આઈ.ટી.આઈ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. તેમજ જી.આઈ.ડી.સી. એસ્ટેટ, અન્ય એસ્ટેટ, કારખાના, જિલ્લામાં આવેલ ૩૩ દિવ્યાંગોની સંસ્થાઓ અને મધુર ડેરી તથા અન્ય સહકારી મંડળીઓ અને બેંકો ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી પણ કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં વિશ્વ યોગ દિવસના એક સપ્તાહ પહેલા અલગ અલગ સ્થળોએ યોગ શિબીરોનું આયોજન કરવામાં આવશે. ગાંધીનગર શહેરમાં સ્વર્ણિમ પાર્ક, કલ્પતરૂ સેકટર-૨૫, મધુર ડેરી, આર્ય સમાજ, જીમખાના સેકટર-૨૧, સેકટર-૧નું તળાવ અને તમામ શાળા-કોલેજો ખાતે યોગ શિબીરનું આયોજન કરાશે. તે ઉપરાંત કલોલમાં હીરા માણેક હાઈસ્કુલ, માણસામાં પદ્મશ્રી હાઈસ્કુલ, દહેગામ ખાતે મ્યુનિસિપલ બોયઝ હાઈસ્કુલ અને ગાંધીનગરની જે.એમ.ચૌધરી તથા સ્વામી વિવેકાનંદ હાઈસ્કુલ ખાતે યોગ શિબીરનું આયોજન કરવામાં આવશે. યોગ દિવસની ઉજવણી માટે પતંજલિ યોગ સંસ્થા દ્વારા ૫૫, વી.કેર ફાઉન્ડેશન દ્વારા ૧૨, દાદા ભગવાન ફાઉન્ડેશન દ્વારા ૧૩, સમર્પણ ધ્યાન યોગ દ્વારા ૧૫, દિવ્ય જીવન સંઘ દ્વારા ૧૨, મોડેલ આયુર્વેદ કોલેજ, કોલવડા દ્વારા ૧૦ અને આયુર્વેદ શાખા દ્વારા ૭ મળી કુલ- ૧૨૪ માસ્ટર ટ્રેનર્સ યોગની તાલીમ આપશે.

શ્રી ગોવર્ધનનાથજીની હવેલી કેરીનો મનોરથ યોજાશે

ગાંધીનગર, તા.૧૦

સે-૨૧ સ્થિત, શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે તા. ૧૩ જુન નિર્જળા અગિયારસ-ભીમ અગિયારસના દિવસે ઠાકોરજીને ૧૦૧ પેટી કેરીના મનોરથનું આયોજન સાંજે ૬.૩૦ કલાકે કરવામાં આવ્યું છે. મનોરથમાં સર્વે વૈષ્ણવો તથા ધર્મપ્રેમી જનતાને હાજર રહેવા સંસ્થાના ઉપપ્રમુખ રસિકભાઈ ગાંધી દ્વારા જણાવાયું છે.

પેથાપુર ચાંમુડાનગરમાં ૩૫ વર્ષિય મહિલાએ એસીડ ગટગટાવ્યુ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર નજીક આવેલા પેથાપુર ખાતે ચામુડા નગરમાં રહેતી ૩૫ વર્ષિય મહિલાએ એસીડ ગટગટાવી લેતા હાહાકાર મચી જવા પામ્યો છે. ઘર ખાલી કરી જતા રહેવા માટે મહિલાને તેના ઘરની બાજુમાં રહેતા તેના મોટા સસરાનો પરિવાર દબાણ કરી રહ્યો હતો તેમજ ઘર ખાલી કરવા અંગે જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેને પગલે મહિલાએ એસીડ ગટગટાવતા તેની તબિયત લથડતા ગાંધીનગર સિવિલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ લઈ જવાઈ હતી. જયાં મહિલાને સમયસર સારવાર મળતા તબિયત સુધારા પર હોવાનું જાણવા મળ્યું છે.

પેથાપુર પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શારદાબેન નેનજીભાઈ સોલંકી (મારવાડી) પેથાપુર ચાંમુડાનગરમાં પતિ, બે દિકરી અને એક દિકરા સાથે રહે છે. શારદાબેનનો પતિ છુટક મજુરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. શુક્રવારના રોજ તેઓ એકલા હતા ત્યારે બાજુમાં રહેતા મોટા સસરા અકમાજી મોડાજી મારવાડી, તેમની પત્ની, દિકરી નર્મદા અને કમળા તેમજ દિકરો પ્રકાશ તેમના ઘરે આવ્યા હતા. અને કહ્યું હતું કે તમે જે ઘરમાં રહો છો તે જમીન તેમની છે એટલે મકાન ખાલી કરી જતા રહો. મહિલા પરિવાર સાથે ન જાય તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.બે દિવસથી ડરી ગયેલા શારદાબેને રવિવારના રોજ સાવેર એસીડ ગટગટાવતા તેમને ઉલ્ટીઓ થતા તેઓને ગાંધીનગર સિવિલ ખસેડ્યા હતા. ત્યાંથી વધુ સારવાર માટે મહિલાને અમદાવાદ રીફર કરાયા હતા. જયાં હાલની તેમની સારવાર ચાલુ છે અને સંપુર્ણ ભાનમાં છે. મહિલાએ આ અંગે પેથાપુર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરુ કરી છે.

વિદ્યાર્થીઓ માટે એસ.ટી. દ્વારા ૪ પાસ કાઉન્ટર શરુ કરાયા

ગાંધીનગર, તા.૧૦

સોમવારથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે. વેકેશનની લાંબી રજાઓનો આનંદ માણ્યા બાદ વિદ્યાર્થીઓ શાળા-કોલેજમાં નજરે પડ્યા હતા. ત્યારે એસ.ટી.વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને રાહતદરે વિદ્યાર્થી પાસનું આયોજન કરવામાં આવ્યું છે. જેને પગલે ગાંધીનગર એસ.ટી.ડેપો ખાતે વિદ્યાર્થી પાસ માટે ૪ કાઉન્ટર ઉભા કરાયા છે. ત્યારે આવતીકાલથી વિદ્યાર્થીઓ પાસ મેળવી શકે તે માટે તંત્ર દ્વારા ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.ત્યારે આગામી દિવસોમાં પાસ માટે વિદ્યાર્થીઓની લાંબી લાઈનો લાગશે.

ઉનાળુ વેકેશન પૂર્ણ થયા બાદ આજથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે. ત્યારે શાળા-કોલેજના વિદ્યાર્થીઓને રાહતદરે બસની સુવિધા સરળતાથી મળી રહે તે માટે નિગમ દ્વારા દર વર્ષે વિદ્યાર્થી પાસ નીકાળી આપવામાં આવે છે. શૈક્ષણિક સત્રના પ્રારંભથી જ પાસની કામગીરી એસટી તંત્ર દ્વારા શરુ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને લાંબી લાઈનનો સામનો કરવો પડે નહી તે માટે તંત્ર દ્વારા થોડા સમય પહેલા જ કાઉન્ટરનું રિનોવેશન કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓને કોઈપણ જાતની તકલીફ ના પડે તે માટે ચાર કાઉન્ટર ઉભા કરાયા છે. ત્યારે પાસ આપવાની શરુઆત પણ કરી અંદાજે આવતીકાલથી કરી દેવામાં આવશે. ત્યારે એસટી ડેપો ખાતે પાસ માટે વિદ્યાર્થીઓનો ધસારો રહેશે.

ઉનાળુ વેકેશન બાદ શાળાઓ શરુ થઈ ચુકી છે. પુસ્તકો અને અન્ય શૈક્ષણિક સાધન સામગ્રીની ખરીદી તેજ બની છે. સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને વિના મૂલ્યે પાઠયપુસ્તકો આપવામાં આવે છે. સેકટર-૬ની પ્રાથમિક શાળામાં ગુજરાત રાજય શાળા પાઠય પુસ્તક મંડળ દ્વારા પાઠયપુસ્તકોનો જથ્થો પુરા પાડવામાં આવ્યો છે. જિલ્લાની શાળાઓમાં તેનું વિતરણ ચાલુ છે.

ચિરવિદાય

- સ્વ. શાંતાબા અમરસિંહ ગોહિલ, ઉ.વ. ૬૫
- સ્વ. જીવતીબેન દેવસી દધાણીયા, ઉ.વ. ૧૦૪
- સ્વ. રજુજી હેમાજી ખાંટ, ઉ.વ. ૩૯
- સ્વ. ઠાકોર મંગાજી સોમાજી, ઉ.વ. ૬૫
- સ્વ. મહેશજી જીવાજી ઠાકોર, ઉ.વ. ૩૦
- સ્વ. જીવતબેન કેશરીસિંહ સોલંકી, ઉ.વ. ૬૧
- સ્વ. રમાબેન ત્રિકમલાલ તપોધન, ઉ.વ. ૭૫